# સરકારી ચોપડે નોંધાયેલા બેરોજગારો પૈકી બે વર્ષમાં ૪૭૩ ને સરકારી નોકરી

ગાંધીનગર જિલ્લામાં ૧૦૨૬૭ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયા છે. માણસાના ધારાસભ્યના પ્રશ્ન સંદર્ભે શ્રમ અને રોજગાર મંત્રીએ રજુ કરેલા લેખિત ઉત્તરમાં જણાંવ્યા મુજબ આ પૈકી ૮૮૭૨ શિક્ષિત અને ૧૩૯૫ અર્ધશિક્ષિત બેરોજગારો છે. જયારે આ પૈકી બે વર્ષ દરમિયાન ગાંધીનગર તાલુકાના ૧૦૭, માણસાના ૨૮ દહેગામના ૧૦ અને કલોલના ૬ શિક્ષિત સહીત વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૫૧ શિક્ષિત અને ૧ અર્ધશિક્ષિત બેરોજગારને સરકારી નોકરી પુરી પાડવામાં આવી છે. અને વર્ષ



## વિધાનસભામાં ગાંધીનગર

\- ધનંજય જોષી

૨૦૧૮-૧૯ માં ૩૨૧ શિક્ષિત બેરોજગારોને સરકારી નોકરી આપવામાં આવી છે.

### ઇ ધારા કેન્દ્રોમાં ૮૦૪૬ હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી

જિલ્લા ઈ ધારા કેન્દ્રમાં કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે તેવા પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ વિભાગના મંત્રીએ રજુ કરેલા જવાબમાં જણાવાયા મુજબ ૮૦૪૬ નોંધોનો નિકાલ બાકી છે. જયારે આ બાકી નોંધોનો નિકાલ નિયત સમયમર્યાદામાં કરવામાં આવશે.

### જમીન અંગેના ૧૨૯૭ તકરારી કેસો દાખલ થયા

જિલ્લાના ચારેય તાલુકામાં બે વર્ષ દરમિયાન ૧૨૯૭ જમીનોમાં તકરારી કેસો દાખલ કરવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૫૩૯, દહેગામમાં ૨૬૪ , કલોલ તાલુકામાં ૨૯૮ અને માણસા તાલુકામાં ૧૯૬ કેસો દાખલ કરાયા છે. જયારે આ પૈકી ગાંધીનગરમાં ૪૮૨, દહેગામ તાલુકામાં ૨૪૯, કલોલ તાલુકામાં ૨૭૩ અને માણસા તાલુકામાં ૧૯૦ સહીત કુલ ૧૧૯૪ તકરારી કેસોનો નિકાલ કરાયો છે.

### જિલ્લામાં ૭૧૫૭ ચો મી જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ

ગાંધીનગર જિલ્લામાં કટેલી જમીનમાં શરતભંગ કરી સરકારી પડતર દાખલ કરવાના હુકમ કરાયા ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડાના આ પ્રશ્ન સંદર્ભે મહેસુલ મંત્રીએ આપેલા ઉત્તરમાં જણાવાયા મુજબ જિલ્લામાં કુલ ૭૧૫૭ ચો મી જમીનમાં સરકારી પડતર દાખલ કરવાનો હુકમ કરયો છે. જયારે સરકારી પડતર દાખલ કરાયા હોય તેવા કિસ્સામાં ૨૬૦ ચો મી જમીનનો કબજો સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. જયારે હજુ ૬૮૯૮ ચો મી જમીનમાં સરકાર દાખલ કરેલ કિસ્સામાં કોર્ટમાં વિવાદ અરજી દાખલ કરવામાં આવી હોવાથી સિવિલ કોર્ટમાં મમનાઈ અરજીની સુનાવણી ચાલુ હોવાથી કબજો લેવામાં આવ્યો નથી તેમ પણ પેટા પ્રશ્નના ઉત્તરમાં જણાંવાયુ છે.

### પુંદ્રાસણમાં શાળાના રમતના મેદાન માટે ૪,૦૪૭ ચો મી જમીન ભાડે આપી

છેલ્લા બે વર્ષ દરમિયાન જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામની સરકારી પડતર જમીન કયા હેતુથી ભાડે અથવા વેચાણ આપવાના હુકમ કરવામાં આવ્યા છે. કલોલના ધારાસભ્યના આ પ્રશ્ન સંદર્ભે મહેસુલ મંત્રીએ આપેલા ઉત્તર મુજબ દહેગામ તાલુકાના રખિયાલ ગામમાં ૩૦૦ ચો . મી જમીન દુધ ઉત્પાદક મંડળીના મકાનના હેતુ માટે વેચાણથી આપવામાં આવી છે. જયારે ગાંધીનગર તાલુકાના પુંદ્રાસણ ગામાં ૪૦,૦૪૭ ચો મી જમીન પ્રા. શાળના રમતગમતના મેદાન માટે ભાડે આપવામાં આવી છે. જયારે જમીન ભાડે અથવા વેચાણ આપવાના મામલે હેતુફેર ઉપયોગ થવા અંગેની કોઈ ફરિયાદ સરકારને મળી નથી.

### જિલ્લામાં બે વર્ષ દરમિયાન ૪૯ ખેડુતો અકસ્માતમાં મૃત્યુ પામ્યા

ગાંધીનગર જિલ્લામાં કેટલા ખેત મજુરો નોંધાયેલા છે. જયારે અકસ્માતે મૃત્યુ નિપજેલા ખેતમજુરોને કેટલી સહાય ચુકવવામાં આવી છે. માણસાના ધારાસભ્યના તેવા પ્રશ્નના ઉત્તરમાં જણાવાયા મુજબ જિલ્લામાં ૬૯૬૯૨ ખેતમજુરો નોંધાયેલા છે.જયારે બે વર્ષમાં અકસ્માતે ૪૯ મજુરોના મોત થયા છે. જે અન્વયે ખેતમજુરોના ૧૧ વારસદારોને રૂ ૧૧ લાખની સહાય ચુકવવામાં આવી છે. આ ઉપરાંત બાકી રહેતા કિસ્સામાં વહીવટી કાર્યવાહીની પુર્ણતાના અંતે સહાય ચુકવવામાં આવશે.

### આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનાનો ૩૯ યુગલોએ લાભ લીધો

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષ દરમિયાન ડો સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ ૪૦ અરજીઓ મળી છે. દહેગામના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તર સંદર્ભે રજુ થયેલા લેખિત જવાબમાં જણાવાયા મુજબ આ પૈકી ૩૯ અરજીઓ મંજુર કરવામાં આવી છે. જયારે મંજુર અરજીઓ અન્વયે લાભાર્થીઓને ૨૧ લાખની સહાય ચુકવવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# પાટનગરની વર્તમાન સુવિધાઓના કાયાપલટ માટે ૨૦૧૯-૨૦માં રૂ. ૩૧૨ કરોડ ખર્ચાશે

**માર્ગ-મકાન વિભાગની માંગણીઓ પરની ચર્ચા દરમ્યાન નીતિન પટેલે મહત્વની જાહેરાતો કરી**

ગાંધીનગર, તા. ૧૭

રાજ્ય સરકાર ૨૦૧૯-૨૦ના વર્ષ દરમ્યાન પાટનગર યોજના પાછળ રૂ. ૩૧૨ કરોડનો જંગી ખર્ચ કરી શહેરની સુવિધાઓમાં કાયાપલટ કરશે તેમ રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને માર્ગ-મકાન વિભાગનો હવાલો ધરાવતા નીતિનભાઈ પટેલે આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં જણાવ્યુ હતુ.

તેમણે કહ્યુ હતુ કે ૨૦૧૮-૧૯માં કર્મચારીઓ માટે આધુનિક ડિઝાઈન સાથેના સગવડતાયુક્ત 'સી' કક્ષાના ૫૬ ક્વાર્ટસ માટે રૂ. ૧૫.૨૭ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી પટેલે જણાવ્યુ હતુ કે વિવિધ સેક્ટરોમાં કેટેગરી બી તથા સી ના ૮૯૬ ક્વાટર્સ બનાવવા માટે ૨૩૫.૮૦ કરોડની જોગવાઈ કરાઈ છે. આ ઉપરાંત કર્મયોગી ભવનમાં વિવિધ કચેરીઓ માટે એક નવો બ્લોક રૂ. ૬૦ કરોડના ખર્ચે બનાવવામાં આવશે.

આ ઉપરાંત 'ચ' કેટેગરીના ૨૮૦ ક્વાટર્સ માટે રૂ. ૮૫.૬૬ કરોડની જોગવાઈ પણ આ અંદાજપત્રમાં કરવામાં આવી છે.

તેમણે કહ્યુ હતુ કે ગાંધીનગર પોલીટીકેનીક ખાતે એકેડમીક બ્લોકનું કામ ૨૦૧૮-૧૯માં પૂર્ણ કરવામાં આવ્યુ છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે ગાંધીનગર ખાતે સેક્ટરોમાં રૂ. ૧૩૧.૫૦ કરોડની અંદાજી રકમથી છ ટાઈપના ૫૬૦ સરકારી આવાસો માટે ૨૦ ટાવરના બાંધકામ રૂ. ૪૪ કરોડની જોગવાઈ પણ આ બજેટમાં કરવામાં આવી છે. આ ઉપરાંત ૩૧૫ કરોડની અંદાજી રકમથી ગાંધીનગર શહેર ખાતે વિવિધ કક્ષાના આવાસોના બાંધકામ માટે રૂ. ૧૦૫ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યુ હતુ કે સરખેજ ગાંધીનગર હાઈવેને રૂ. ૮૬૭ કરોડના ખર્ચે છ માર્ગી કરવાની કામગીરી હાલ પ્રગતિમાં છે. જેમાં સાડાચાર કિલોમીટરના એલીવેટેડ કોરીડોર સહિત નવ ફલાય ઓવર બ્રીજ બનાવવાનો સમાવેશ થાય છે.

સ્ટાફ ટ્રેનીંગ કોલેજ અને ઈજનેરી સંશોધન સંસ્થાની ક્ષમતા અને તેની સુવિધામાં વધારો કરવા માટેનું આયોજન પણ હાથ ધરવામાં આવ્યુ છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ સંકેત આપતાં કહ્યુ હતુ કે ગાંધીનગર-કોબા-ઈન્દિરાબ્રીજ માટે બહુ આયામી માર્ગ સલામતિ માટેની કામગીરીનો ડી.પી.આર. બનાવવાની કામગીરી હાથ પર છે. જેમાં ટ્રાફિક સલામતીની અદ્યતન કામગીરી જેવી કે જંકશન સુધારણા, પેવ્ડ સાઈડ સોલ્ડર, એડવાન્સ ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ, સી.સી.ટી.વી. કેમેરા રાહદારી ટ્રાફિક સિગ્નલ વગેરેનું આયોજન થશે.

તેમણે કહ્યુ હતુ કે સાદરા પાસે ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લાને જોડતો સાબરમતી નદીનો પુલ રૂ. ૭૧.૫૦ કરોડના ખર્ચે બનાવવામાં આવશે. આ ઉપરાંત ગાંધીનગર કોબા માર્ગ પર

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૩ ગુરુકુલના વિદ્યાર્થીઓએ વિશ્વનુ સૌથી લાંબુ ભવ્ય તોરણ તૈયાર કર્યુ

ગાંધીનગર તા ૧૭

ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવા તેમજ વિદ્યાર્થીઓમાં આર્ટ એન્ડ ક્રાફટની પ્રવૃતિને પ્રોત્સાહીત કરવાના ઉમદા આશયથી સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલયના ૭૨૩૫ વિદ્યાર્થીઓ સહીત કુલ ૨૫ હજાર વ્યકિતઓના સહયોગથી ૧૦ કીલોમીટરથી લાંબુ ભવ્ય તોરણ તૈયાર કરાયુ છે. વિશ્વના આ સૌથી લાંબા મનાતા તોરણને હાલ સંસ્થાના સત્સંગ ભવનમાં લગાવામાં આવ્યુ છે. આ તોરણનુ નિદર્શન હીંડોળા ઉત્સવ દરમિયાન કરવામાં આવશે.સંસ્થાના ૧૨ સંતો , ૩૦૫ શિક્ષકો તેમજ ૬ પ્રિન્સિપાલ સહીતના મહાનુભાવોની હાજરીમાં આ તોરણને આજે સાંજે ૪ કલાકે નિદર્શન માટે ખુલ્લુ મુકવામાં આવશે. દોરી, ઉન,બંગડી, સ્ટોન,કલર,રીલ, મોતી, માણેક ,ચાંદલા, કાપડ, લેસ,વાયર સહીતની ચીજવસ્તુઓમાં નિર્માણ કરાયેલુ આ કલાત્મક તોરણ ૧ લાખથી વધુ નાગરિકો નિહાળશે



**૧૦ કી મી લંબાઇ ધરાવતા આ તોરણના નિર્માણ માટે સંસ્થાના ૭૨૩૫ વિદ્યાર્થીઓ તેમજ તેમના માતાપિતા સહીત પરિવારજનો સાથે ૨૫ હજાર વ્યકિતઓએ સહયોગ આપ્યો : તોરણ હીંડોળામાં વિશ્વના સૌથી લાંબા તોરણનો નજારો એક લાખ મુલાકાતીઓ નિહાળશે : આજે સાંજે ૪ કલાકે તોરણનુ નિદર્શન કરાશે**

સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુલ સંસ્થાના સ્વામી રામકૃષ્ણશાસ્ત્રી સ્વામી તેમજ સંસ્થાના ઉમંગ વસાણી અને ભદ્રેશ જોષીએ આ અંગે વિગતો આપતા જણાંવ્યુ હતુ કે સંસ્થાના સ્થાપક પુ સ્વામી હરિપ્રિયદાસજી સ્વામી તેમજ મેનેજીંગ ટ્રસ્ટી શાસ્ત્રી હરિપ્રકાશજી સ્વામીની વિચારધારને વેગ આપવા અને સંસ્કૃતિને ઉજાગર કરવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સંસ્થા દ્વારા ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવા માટે પ્રયાસ કરાયો છે. તોરણ ભારતીય સંસ્કૃતિનુ અભિન્ન અંગ છે.વેવિશાળ અને લગ્ન ઉપરાંત સામાજિક પ્રસંગોમાં તોરણનો વિશેષ ઉપયોગ થાય છે.તોરણનુ સ્થાન અને મહીમા, ઉપયોગ સમાજ સુધી પહોંચાડવાના શુભ આશયથી તોરણ હીંડોળાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ તોરણના નિર્માણ માટે પ્રત્યેક બાળકને એક એક ફુટ તોરણ તૈયાર કરવા માટે

● અનુસંધાન પાન-૭ પર

# અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલા આજે ભાજપમાં જોડાશે

**મોટો હોદ્દા મળશે કે કેમ તેને લઇને હજુ સસ્પેન્સ : ઠાકોર સેનામાં પણ ફેલાયેલી ઉત્તેજના**

અમદાવાદ, તા.૧૭

છેલ્લા એક મહિનાથી કોંગ્રેસ છોડ્યા બાદ પક્ષ વિના લટકી પડેલા અલ્પેશ ઠાકોર હવે ઘણા વિવાદો અને દાવાઓ બાદ આખરે આવતીકાલે ભાજપમાં જોડાઈ જાય તેવી પૂરી શકયતા છે. જો કે, અલ્પેશ ઠાકોરને મંત્રી પદ મળે છે કે, અન્ય કોઈ મોટો હોદ્દો અપાય છે, તેને લઈને ગંભીર પ્રશ્નાર્થ છે. અલ્પેશની સાથે કોંગ્રેસમાંથી રાજીનામું આપનાર ધવલસિંહ ઝાલા પણ ભાજપમાં જોડાશે. જો કે, ભાજપમાં બંનેના હોદ્દા અને સ્થાનને લઈ અનેક સવાલો અને પડકારો છે. કારણ કે, જો અલ્પેશને મંત્રી પદ કે કોઈ મોટો હોદ્દો અપાય તો, ભાજપમાં આંતરિક ગજગ્રાહ વકરે તેવી પૂરી શકયતા છે કારણ કે, પક્ષમાં પહેલેથી જ નિષ્ઠાથી કામ કરી રહેલા લોકોને અવગણી બહારથી આવેલા લોકોને જો વધુ પડતુ મહત્વ અપાય તો ભાજપમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડે તેવી પણ દહેશત છે, તેથી એવું પણ શકય છે કે, અલ્પેશ ભાજપના સામાન્ય કાર્યકર તરીકે કામ કરવા મજબૂર બને. આવતીકાલે મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિતના મહાનુભાવોની હાજરીમાં અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલા ભાજપમાં જોડાય તેવી શકયતા છે. તાજેતરમાં અલ્પેશ ઠાકોરે ખુદ સ્પષ્ટ કર્યુ કે, તે ભારતીય જનતા

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં આજથી પાણી રાબેતા મુજબ આવશે

**પાણીના પ્લાન્ટની સફાઇના લીધે બુધવારે સપ્લાય બંધ રાખવામાં આવ્યો હતો**

ગાંધીનગર તા ૧૭

શહેરના નવા સેકટરોમાં આજે પાણી પુરવઠો બંધ રહેતા નવા સે-૧ થી ૧૩ માં પાણી આવ્યુ ન હતુ. સવારથી જ પાણી ન આવતા ગૃહીણીઓમાં કકળાટ પ્રવર્તયો હતો. જો કે પ્લાન્ટની સફાઈના લીધે પાણી નહી આવે તે અંગે તંત્ર દ્વારા ચાર દિવસ અગાઉ નાગરિકોને જાણ પણ કરવામાં આવી હતી. પાણીના પ્લાન્ટની સફાઈ કરી દેવાતા ગુરુવાર સવારથી રાબેતા મુજબ પાણીનો સપ્લાય આપવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

ગાંધીનગર શહેરના નવા સેકટરોમાં આજે પાણી પુરવઠાનો સપ્લાય બંધ રહેતા નાગરિકોને હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. પાણી પુરવઠા બોર્ડ દ્વારા પાણી ના પ્લાન્ટનુ સફાઈનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જેના લીધે આજે શહેરના નવા સેકટરોમાં

● અનુસંધાન પાન-૭ પર

# જળ મંત્રાલયના કેન્દ્રીય સચિવ પરમેશ્વર ઐય્યર જિલ્લાના પ્રવાસે

ગાંધીનગર, તા. ૧૭

કેન્દ્ર સરકારના જળ વિભાગના સચિવ પરમેશ્વરન્ ઐય્યર આજે ગાંધીનગરની ખાસ મુલાકાતે આવ્યા હતા.

તેઓએ આજે ગાંધીનગર જિલ્લામાં જળશક્તિ અભિયાન અંતર્ગત તેમણે મગોડી ખાતે તળાવને ઊંડા કરવાની સાથે બોર રીચાર્જીંગ માટે બનાવાયેલ સ્ટ્રક્ચર, દહેગામ તાલુકાના ધારીસણા ખાતે બનાવવામાં આવેલ ચેકડેમનું નીરીક્ષણ કર્યુ હતુ.

તેમણે તેમની આ મુલાકાત દરમ્યાન જળસંચયના કાર્યક્રમોને અગ્રતા આપવા માટે તંત્રને જરૂરી માર્ગદર્શન અને સૂચનો કર્યા હતા. ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી ગ્રામ્યસ્તરે પણ આવા કામો હાથ ધરી શકાય છે તેમ જણાવ્યુ હતું. જિલ્લા વિકાસ અધિકારી રાવલે આ માટે જિલ્લાતંત્ર દ્વારા પંચાયતોને લખાયેલા પત્ર અને સરપંચો સાથે તાલુકાવાર બેઠકો અંગેની વિગતો આપી હતી.

તેમની સાથે દિલ્હીથી અધિકારીઓની એક ટીમ પણ



આવી હતી. તેમણે ચેકડેમના સ્ટ્રક્ચરનું ઝીણવટભર્યુ નિરીક્ષણ કર્યુ હતુ.

તેમની આ મુલાકાત દરમ્યાન વિકાસ કમિશ્નર મોના ખંધાર, જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગા, જિલ્લા વિકાસ અધિકારી રાવલ તેમજ ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બ્રહ્મભટ્ટ ઉપરાંત ઉચ્ચ અધિકારીઓ જોડાયા હતા.

જિલ્લા કલેકટરશ્રીએ જળશક્તિ અભિયાનના આયોજનની વિસ્તૃત વિગતો આપી હતી. તેમણે ગ્રામ વિકાસ એજન્સી તેમજ અન્ય કચેરીઓ દ્વારા હાથ ધરાયેલા અભિયાનમાં લોકોનો સારો સહયોગ મળી રહ્યાનો પણ ઉલ્લેખ કર્યો હતો.


## "સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર

સંસ્કૃતિ

**૨૦૧૯-૨૦નો પ્રથમ કાર્યક્રમ**

**હિન્દી ચલચિત્રોના કિશોરકુમારે ગાયેલા લોકપ્રિય-લોકહૈયે સચવાયેલા મધમીઠા ગીતોનો કાર્યક્રમ**

Golden Era of Kishorkumar

તારીખ : ૨૦ ૭ ૨૦૧૯ શનિવાર
રાત્રે : ૯.૧૫, ટાઉન હોલ, ગાંધીનગર

સૌથી ઓછી સભ્ય ફી કપલ દીઠ માત્ર રૂા.૧૬૦૦/- (વાર્ષિક)
વ્યક્તિગત રૂા.૧૦૦૦/- (વાર્ષિક)




**સભ્યપદ માટેનાં ફોર્મ મેળવવા તથા ફી સાથે પરત કરવા સંપર્ક :**

(૧) શ્રી મેહુલ પટેલ, કેપિટલ ઓફસેટ, ૬૦૩, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ફોન:૨૩૨૪૩૬૨૩
(૨) શ્રી મનોજ જોષી, લિપિ ગ્રાફિક્સ, સ્કાય વ્યુ કોમ્પલેક્ષ, ૧૭-૨૨ સ્ટેન્ડ પાસે, સેકટર-૨૨ (મો.) ૯૮૨૫૪૪૭૭૩૩
(૩) સેકટર-૨ ડૉ. રાજેશ શાહ (મો.) ૯૯૨૫૦ ૦૮૬૩૦
(૪) નવા સચિવાલય : શ્રી પરાગ શુક્લ(મો) ૮૮૪૯૩૦૨૬૬૮ શ્રી કલ્પેશ ભટ્ટ (મો) ૯૮૨૫૪ ૦૯૦૦૪ શ્રી ગગુભા રાજ (મો.) ૯૮૨૪૦૬૫૦૯૪
(૫) જૂના સચિવાલય : શ્રી દિનેશ ચૌહાણ (મો) ૯૯૭૮૪૪૦૧૨૬ શ્રી રસિક લિંબાચિયા (મો) ૯૬૨૪૯૧૯૧૯૭
(૬) વાવોલ : શ્રી મુકેશ મહેતા (મો) ૯૪૨૯૬૮૨૧૬૬ શ્રીમતી પ્રીતિ મહેતા (મો) ૮૩૨૦૪ ૧૮૪૫૨
(૭) ગુજરાત વિદ્યુત બોર્ડ : શ્રીમતી પરમજીત કૌર (મો) ૮૩૪૭૪ ૩૧૯૦૦
(૮) સેકટર-૨૦ સુશ્રી ચેતના બુચ (મો) ૯૮૨૫૮૧૬૦૧૮
(૯) સેકટર-૭ શ્રીમતી આરતી ભટ્ટ (મો.) ૯૯૨૫૦૯૭૦૭૮
(૧૦)સેકટર-૮ પ્રા. ડૉ.લીના રાણા (મો.) ૯૪૨૭૦૪૯૦૪૭
(૧૧) ડૉ. અનિલ પટેલ (મો.) ૯૩૨૭૮ ૩૫૨૧૫

આવો... આજે જ સભ્યપદે નોંધાઇને નાવિન્યસભર કાર્યક્રમોનો આનંદ લૂંટો...

મનોજ શુકલ, મંત્રી, ૯૮૨૫૮૭૯૫૨૯
રમેશ પટેલ, પ્રમુખ, ૯૮૨૫૦૩૮૩૭૮ (કેપિટલ ઓફસેટ)

(૧) સંસ્થાના આ વર્ષના પુનઃ સભ્ય થવા માટે સુંદર પ્રતિસાદ આપવા બદલ સર્વ સભ્યોનો ખૂબ ખૂબ આભાર.
(૨) વર્ષમાં ૭ ઉત્તમ આયોજનો- પાંચ ફિલ્મ સંગીત પર આધારિત, એક હાસ્ય રસનો કાર્યક્રમ તથા એક ભોજન-મિલન સમારંભ



**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

## જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com